# શું હોય છે બલિદાન બેજ?

મો થોડા સમય પહેલાં એવા સમાચાર હતા કે ભારતીય લશ્કરની મહિલા અધિકારી મેજર દીક્ષા સી. મુડાદેવન્નાવરને બલિદાન બેજ એનાયત થયો. ભારતીય લશ્કરના સ્પેશિયલ ફોર્સિઝ (Para SF -પેરા એસએફ)ના જવાનોને આ ફોર્સિસની આકરી અને ખાસ તાલીમ પછી જ મળતો આ બલિદાન બેજ મેળવવો એ આ ફોર્સીઝમાં જોડાતા દરેક જવાનનું સપનું હોય છે અને જેને આ બેજ મળે તેના માટે આ કોઈ સન્માનથી કમ વાત હોતી નથી. એ રીતે ચોક્કસ એમ કહી શકાય કે મેજર દીક્ષા સી. મુડાદેવન્નાવરને આ સન્માન મળ્યું એ ખુદ તેમના માટે કોઈ સન્માનથી ઓછું અને દેશ માટે કોઈ ગૌરવથી ઓછું નથી. આ જ નિમિત્તે ભારતીય લશ્કરના સ્પેશિયલ ફોર્સીઝ, બલિદાન બેજ અને ખુદ મેજર દીક્ષા સી. મુડાદેવન્નાવર વિશે પણ થોડી વાત કરી છે.

## શું હોય છે બલિદાન બેજ?

સૌપ્રથમ બલિદાન બેજનું મહત્ત્વ એ છે કે તે સ્પેશિયલ ફોર્સિઝ (Para SF-પેરા એસએફ) ની સંપૂર્ણ તાલીમ પૂરી કરનાર લશ્કરી અદિકારી અને જવાનને મળે છે. એટલે એ રીતે તે સ્પેશિયલ ફોર્સિઝ(Para SF-પેરા એસએફ)માં જોડાયેલા જવાનો અને અધિકારીઓનું અનોખું ઓળખપત્ર છે. આ બેજ આ ફોર્સના જવાનો અને અધિકારીઓ દ્વારા સતત દર્શાવાતાં તેમજ તેમની પાસેથી સતત અને સહજ રીતે અપેક્ષિત એવા હિંમત અને બલિદાનના ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. આ બેજની ડિઝાઈન પણ ખાસ પ્રકારની હોય છે. લાલ રંગના લંબચોરસ આકારના પ્લાસ્ટિકના બેકગ્રાઉન્ડ પર બનાવેલા ચાંદીના આ બેજની બંને તરફ પાંખો કોતરેલી હોય છે અને તેની બરાબર વચ્ચે નીચેની તરફ નમાવેલી કટાર (Dagger-ડેગર) કોતરેલી હોય છે. આ બેજની બંને તરફ નીકળતી અને ઉપરની તરફ જતી પાંખો પણ આ કટારમાંથી પસાર થાય એવી ગોઠવણ કરેલી હોય છે. એ સાથે આ બેજ પર હિંદીમાં 'બલિદાન' શબ્દ કોતરાયેલો હોય છે. આ બેજ મેળવવો એ જો સન્માન હોય તો તેને ધારણ કરવો એ વિશેષાધિકાર હોય છે. પેરા એસએફના કડક પસંદગી ધોરણો અને આકરી તાલીમની આખી પ્રક્રિયામાંથી પસાર થયેલા જવાનો અને અધિકારીઓ જ આ બેજ ધારણ કરી શકતા નથી. અન્ય કોઈ પણ લશ્કરી અધિકારીઓય આ બેજ એમ ને એમ તો ધારણ પણ કરી શકતા નથી. મિલિટરી યુનિફોર્મના જમણા પોકેટ પર નેમપ્લેટની નીચે આ બેજ પહેરવામાં આવે છે. આ બેજ ભારતીય લશ્કરની પેરાશૂટ રેજિમેન્ટ અને સ્પેશિયલ ફોર્સિઝ સાથે સંલગ્ન હોય છે. ભારતીય લશ્કરના આ વિશિષ્ટ બેજનું ઉત્પત્તિસ્થાન વિશ્વવિખ્યાત સ્પેશિયલ એર સર્વિસ (SAS)માં રહેલું છે. આ બેજની ડિઝાઈન અને સ્પેશિયલ એર સર્વિસના સ્પેશિયલ કેપ બેજની




ડિઝાઈન વચ્ચે ઘણી સમાનતા હોય છે.

## સ્પેશિયલ ફોર્સિઝ(Para SF-પેરા એસએફ)નો ટૂંકો પરિચય:

સ્પેશિયલ ફોર્સિઝનો ટૂંકો પરિચય મેળવીએ તો એમ કહી શકાય કે ભારતીય લશ્કરના કેટલાંક ઈલાઈટ યુનિટ્સમાંના એક એવા આ યુનિટની અત્યાર સુધીની સફરનો ઈતિહાસ જેટલો ઉતાર-ચડાવવાળો તેટલો જ રસપ્રદ પણ રહ્યો છે.

Men apart, every man an emperor | Shatrujeet (શત્રુજીત)નો મુદ્રાલેખ ધરાવતા આ




યુનિટની સ્થાપના બ્રિટિશરોએ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન 27મી ઓક્ટોબર, 1941ના રોજ કરી હતી. સ્થાપના સમયે આ યુનિટ 151મી બ્રિટિશ પેરાશૂટ બટાલિયન, 152મી ઈન્ડિયન પેરાશૂટ બટાલિયન અને 153મી ગુરખા પેરાશૂટ બટાલિયન-એમ કુલ 3 પેરાશૂટ બટાલિયન્સનું બનેલું હતું. આ રીતે આજે પણ આ વિશ્વનું સૌથી જૂનું અને સક્રિય હોય એવું એરબોર્ન યુનિટ છે. 1944માં આ યુનિટ તે સમયે નવી બનેલી 44મી એરબોર્ન ડિવિઝનનો હિસ્સો બની ગયું અને ભારતની આઝાદી સુધી તેનો જ હિસ્સો રહ્યું. આઝાદી પછી પણ છેક 1965ના ભારત-પાક. યુદ્ધ વખતે તેનો દરજ્જો એડહોક કમાન્ડો યુનિટનો

**ફોર્સિસની આકરી અને ખાસ તાલીમ પછી જ મળતો આ બલિદાન બેજ મેળવવો એ દરેક જવાનનું સપનું હોય છે અને જેને આ બેજ મળે તેના માટે આ કોઈ સન્માનથી કમ નથી**

થયો. જોકે એ યુદ્ધ દરમ્યાન જ આવું જ એક અલગ સત્તાવાર યુનિટ ઊભું કરવાની જવાબદારી તે સમયે ભારતીય લશ્કરમાં કર્નલ તરીકે ફરજ બજાવતા મેઘસિંહને સોંપવામાં આવી હતી. એટલે મહત્ત્વનું એ કે 1965થી જ આવું એક સત્તાવાર અ સ્વતંત્ર યુનિટ ઊભું કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. આ રીતે 1 જુલાઈ, 1966ના રોજ દેશનું પહેલું સ્પેશિયલ ફોર્સ યુનિટ સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યું હતું. છેવટે 1978માં આ પ્રયોગાત્મક લશ્કરી દળ 1 પેરા તરીકે ભારતીય લશ્કરનું સત્તાવાર આ પ્રથમ સ્પેશિયલ ફોર્સ યુનિટ બન્યું હતું પણ હજી તેને રિઝર્વ ફોર્સની કેટેગરીમાં રખાયું હતું. 1992માં બેંગલોર ખાતે સ્પેશિયલ ફોર્સિસ માટેનં અલગ સ્વતંત્ર ટ્રેનિંગ સેન્ટર શરૂ થયું હતું. 1995માં આ યુનિટમાં ચોથી નવી બટાલિયન ઉમેરવામાં આવી હતી. સ્પેશિયલ ફોર્સિઝના વર્તમાન સંખ્યાબળની વાત કરીએ તો હાલ તેમાં 5 એરબોર્ન બટાલિયન્સ અને 10 સ્પેશિયલ ફોર્સ બટાલિયન્સ મળીને કુલ 15 બટાલિયન્સ છે. આપણા લશ્કરના આ ઈલાઈટ યુનિટે અત્યારસુધી હાથ ધરેલાં વિવિધ મિશન્સ અંગે તો આખો અલગ લેખ થાય એટલે તેની વાત ફરી ક્યારેક. એ ઉપરાંત અહીં અપાતી કપરી તાલીમ અંગે પણ અલગથી વાત થાય. તે પણ ફરી ક્યારેક.




## વિશ્વવિખ્યાત સ્પેશિયલ એર સર્વિસ(SAS) શું છે?

સ્પેશિયલ એર સર્વિસ(SAS) એ યુકેના સ્પેશિયલ ફોર્સીઝ છે, જેના પરથી ભારતમાં આ જ તરજ પર એક નવી અને વિશિષ્ટ લશ્કરી પાંખ શરૂ થઈ હતી.

## મેજર દીક્ષા સી. મુડાદેવન્નાવર કોણ છે?

મેજર દીક્ષા સી. મુડાદેવન્નાવર મેડિકલ ઓફિસર અને વૉરિયર તરીકે સ્પેશિયલ ફોર્સિઝ(Para SF-પેરા એસએફ)માં જોડાઈ છે. તેણે 2023ના ઓપરેશન દોસ્ત સહિતના અન્ય ઘણાં રિલીફ મિશન્સમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. તે NCCમાંથી સીધી ભારતીય લશ્કરમાં જોડાઈ હતી. સ્પેશિયલ ફોર્સીઝમાં થયેલી તેની પસંદગીએ મહિલાઓ માટે લશ્કરમાં જવા માટેના નવા દરવાજા ખોલી આપ્યા છે.




# 'અસ્સી'ના અભિનય માટે તાપસી 100 માર્કસ મેળવી ના શકી

તા પસી પન્નુના એક શક્તિશાળી અભિનેત્રી તરીકેના જે ચાહકો છે એ ચોક્કસપણે ફિલ્મ 'અસ્સી' માટે તેને 90 થી 95 માર્ક્સ આપી શકે છે. જો અભિનયમાં વિવિધતા અને પાત્રની નવીનતાની વાત કરીએ તો તેને 80 થી 85 માર્ક્સ આપવા વધુ તટસ્થ ગણાશે. અલબત્ત 100 માંથી 100 માર્ક્સ કદાચ તેના ઉમદા ઈરાદાને આપી શકાય પરંતુ એક કલાકાર તરીકે તેના શ્રેષ્ઠ અભિનયની યાદીમાં 'થપ્પડ' ટોચ પર રહેશે. તાપસીએ ફરી સાબિત કર્યું છે કે તે માત્ર ગ્લેમર માટે નહીં સામાજિક રીતે મહત્વના અને અઘરા વિષયો માટે ફિલ્મો પસંદ કરે છે. તે આ પ્રકારની ગંભીર ભૂમિકાઓમાં માહેર થઈ ગઈ છે. તેણે પાત્રની ગંભીરતાને ક્યાંય પણ ઓછી થવા દીધી નથી. કેટલાક વિવેચકો માને છે કે આ વખતે કંઈ નવું જોવા મળ્યું નથી. 'મુલ્ક'માં તેણે વકીલનું જે પાત્ર ભજવ્યું હતું લગભગ તેના જેવું જ લાગે છે. તેની સ્ટાઈલ અને આક્રોશ થોડો સ્ટીરિયોટાઇપ બની ગયો હોય તેવું લાગે છે. તાપસી અને અનુભવ સિંહાની જોડી જ્યારે પણ સાથે આવે છે ત્યારે અપેક્ષાઓ આસમાને હોય છે.

'મુલ્ક' અને 'થપ્પડ' જેવી સફળ ફિલ્મો બાદ તેમની 'અસ્સી' પાસેથી ટ્રેડ સમીક્ષકોને ઘણી આશા હતી. બોક્સ ઓફિસના પહેલા દિવસના આંકડા કંઈક અલગ જ વાર્તા કહી રહ્યા છે. તેને માત્ર રૂ.1 કરોડનું ઓપનિંગ મળ્યું છે. આ આંકડો તાપસીની છેલ્લી સાડા ત્રણ વર્ષની ફિલ્મોમાં સૌથી ઓછો માનવામાં આવે છે. તેની સરખામણીએ અનુભવ સાથેની અગાઉની ફિલ્મ 'થપ્પડ'એ પહેલા દિવસે રૂ.3.07 કરોડની કમાણી કરી હતી. 'અસ્સી' તેની સરખામણીએ ઘણી પાછળ રહી ગઈ છે. અન્ય ફિલ્મ 'દો દીવાને શહર મેં'એ રૂ.1.25 કરોડ સાથે 'અસ્સી' કરતા થોડી સારી શરૂઆત કરી છે. 'અસ્સી'નો વિષય કદાચ પારિવારિક દર્શકોને થિયેટરો સુધી ખેંચવામાં નિષ્ફળ રહ્યો છે. હાલમાં બોર્ડર 2, મર્દાની 3 અને 'ઓ રોમિયો' જેવી મોટી ફિલ્મો મેદાનમાં હોવાથી 'અસ્સી' માટે સ્ક્રીન્સ અને ઓડિયન્સ મેળવવું પડકારજનક બન્યું છે. જો કે ફિલ્મને વિવેચકો તરફથી સારા રિવ્યૂ મળ્યા છે. બીજા દિવસે આવકમાં થોડો ઉછાળો જોવા મળ્યો અને તે રૂ.1.60 કરોડ સુધી પહોંચી છે. જે દર્શાવે છે કે 'વર્ડ ઓફ માઉથ' કામ કરી રહ્યું છે. અનુભવે પોતે પણ કહ્યું છે કે તે બોક્સ ઓફિસના આંકડાઓ કરતા ફિલ્મની વાત લોકો સુધી પહોંચે તેમાં વધુ રસ ધરાવે છે.

**ફિલ્મને વિવેચકો તરફથી સારા રિવ્યૂ મળ્યા છે. બીજા દિવસે આવકમાં થોડો ઉછાળો જોવા મળ્યો અને તે રૂ.1.60 કરોડ સુધી પહોંચી છે. જે દર્શાવે છે કે 'વર્ડ ઓફ માઉથ' કામ કરી રહ્યું છે**




તાપસી માટે આ એક નવો પડકાર છે. જે રીતે આ ફિલ્મ સામાજિક મુદ્દાઓને સ્પર્શે છે તે જોતા લાંબે ગાળે તે OTT દ્વારા પોતાની ઓળખ બનાવી શકે છે. આ કોઈ સાધારણ મનોરંજક ડ્રામા નથી પરંતુ સમાજની વરવી વાસ્તવિકતા પર એક આકરો પ્રહાર છે. ફિલ્મની શરૂઆતથી જ પ્રેક્ષકોને એક ડાર્ક અને ગંભીર માહોલનો અહેસાસ થાય છે. ગૌરવ સોલંકી દ્વારા લખાયેલ 'અસ્સી'ની વાર્તા અને પટકથા ખરેખર પ્રશંસનીય છે. ગૌરવને આ ફિલ્મ માટે અન્ય કોઈપણ અભિનેતા કે દિગ્દર્શક કરતાં સૌથી વધુ પૈસા મળ્યા છે.

ફિલ્મ જોયા પછી સમજી શકાશે કે તેમને આટલા પૈસા કેમ મળ્યા હશે. અનુભવ સિંહાએ મુલ્ક, થપ્પડ, આર્ટિકલ 15, ભીડ વગેરે જેવી ફિલ્મો બનાવી છે. જેમાં સમાજમાં જે કંઈ પણ બને છે તેનું પ્રત્યક્ષ અને હિંમતભેર ચિત્રણ કર્યું છે ફિલ્મનું નિર્દેશન ખૂબ જ પરિપક્વ છે અને તેમાં ક્યાંય ગુનાને ગ્લેમરાઈઝ કરવાનો કે બિનજરૂરી રીતે ખેંચવાનો પ્રયાસ કરવામાં આવ્યો નથી. તો પિંક, મુલ્ક અને થપ્પડ જેવી ફિલ્મો બાદ તાપસી માટે આવા ગંભીર પાત્રો ભજવવા જાણે એક સહજ કળા બની ગઈ છે. તાપસીએ આ ફિલ્મમાં એક મજબૂત વકીલની ભૂમિકા ભજવી છે. તે પોતાની દમદાર એક્ટિંગ અને સંવાદો દ્વારા કોર્ટરૂમમાં જે રીતે દલીલો કરે છે તે પ્રશંસનીય છે. જોકે, ફિલ્મના ક્લાઈમેક્સમાં તેનો લાંબો મોનોલોગ એટલે કે એકધારું ભાષણ અસરકારક તો છે પરંતુ લેખનની દ્રષ્ટિએ તેમાં થોડી વધુ ધાર હોત તો તે વધુ યાદગાર બની શક્યું હોત. તેમ છતાં એક કલાકાર તરીકે તાપસીએ ફિલ્મના વિષયની ગંભીરતાને સંપૂર્ણ ન્યાય આપ્યો છે. ફિલ્મમાં સૌથી વધુ ચોંકાવનારું અને પ્રશંસનીય કામ મલયાલમ અભિનેત્રી કની કુસરુતિએ કર્યું છે. જેણે સર્વાઈવરની ભૂમિકા ભજવી છે. ખાસ કરીને કારવાળું દ્રશ્ય એટલું વાસ્તવિક અને રુંવાડા ઉભા કરી દે એવું છે કે તે નબળા હૃદયના લોકો માટે જોવાનું મુશ્કેલ બની શકે છે. ફિલ્મમાં હિંસા અને ક્રૂરતાના કારણે તેને A રેટિંગ આપવામાં આવ્યું છે. જેનો અર્થ છે કે આ ફિલ્મ બાળકો કે પરિવાર સાથે જોવા જેવી નથી. ક્લાઈમેક્સ જેટલો દમદાર હોવો જોઈતો હતો તેટલો હાર્ડકોર અનુભવાતો નથી. તેમ છતાં જે રીતે આ વિષયને દુનિયા સામે લાવવામાં આવ્યો છે તે ખરેખર બિરદાવવાલાયક છે. કલાકારોનો અભિનય અને નિર્દેશકની હિંમત સૌથી મજબૂત પાસાં છે. આ કોઈ પ્રોપગેન્ડા ફિલ્મ નથી પરંતુ વાસ્તવિકતાનો અરીસો છે. ગંભીર અને હાર્ડ-હિટિંગ સિનેમા જોવાના શોખીન હોય તો 'અસ્સી' ચોક્કસપણે એક વખત જોવી જોઈએ.

## ઓટોગ્રાફ!

એવું લાગે છે કે તાપસીએ હવે ફિલ્મી કોર્ટરૂમમાં પોતાનું કાયમી આધારકાર્ડ નોંધાવી દીધું છે! 'પિંક'થી શરૂ થયેલી તેની વકીલાત 'મુલ્ક' થઈને હવે 'અસ્સી' સુધી પહોંચી છે. જો કોઈ સાચો કેસ લડવો હોય તો કદાચ લોકો વકીલ કરતા પહેલાં તાપસીનો સંપર્ક કરે તો નવાઈ નહીં!


# જાતિયતાની જાણકારી કેટલી જરૂરી?

પ્ર સ્તુત વિષય અમને ક્યાંથી મળ્યો તે સાંભળો: વાત એમ બની કે મિત્રો વચ્ચે એક અખબારની જાતીય કોલમ અંગે ચર્ચા નીકળી તેમાં એક મિત્રે કહ્યું: 'ક્યારેક તો ચાર પાંચ સંતાનોના માબાપ પણ સાચા જાતીય જ્ઞાનથી વંચિત હોય એવું બને છે.' જવાબમાં બીજા મિત્ર બોલ્યા: 'તો પછી તેમને ચાર પાંચ સંતાનો શી રીતે થઈ શકે?' અર્થાત્ મિત્ર કંઈક એવી ગેરસમજ ધરાવતા હતાં કે સંતાનો પેદા થવા એ સંપૂર્ણ જાતીય જ્ઞાન હોવાની નિશાની છે. જો આ માપદંડ સાચો માનીને ચાલીએ તો અસલના જમાનામાં એક માણસને બાર બાર સંતાનો થતાં તે બધાંને જાતીય નિષ્ણાંતો ગણવા પડે! આવી જ વિભીન્ન માન્યતાઓથી સમાજ ભરેલો છે. સમજો તો સીધી વાત છે. આપણને ગુલાબજાંબુ ગળામાં ઉતરે તેટલા માત્રથી તે કઈ રીતે બનાવી શકાય તે આવડી જતું નથી. સેક્સ માણવો અને તે અંગેનું શાસ્ત્રીય જ્ઞાન હોવું એ બે વચ્ચે પણ ગુલાબજાંબુ અને પાકશાસ્ત્રી જેટલો તફાવત છે. સ્કૂટરને કિક મારવાથી સ્કૂટર ચાલુ થઈ જાય છે તે વાત નાનુ છોકરું પણ જાણતું હોય છે. પણ તેટલા માત્રથી તેને મિકેનિક ન કહી શકાય. સત્ય એ છે કે પ્રત્યેક સ્કૂટર ચાલકને સ્કૂટરના આંતરિક બંધારણ વિષેની જાણકારી નથી હોતી તેમ પ્રત્યેક માણસને જાતીય જ્ઞાન અંગે શાસ્ત્રીય સમજણ હોતી નથી. સંતાનો થવા માટે કુદરતે માન્ય કરેલી પ્રજોત્પત્તીની શરતો પૂર્ણ થાય એટલું જ પૂરતું હોય છે. (પાગલ માણસ પણ સંતાનો પેદા કરી શકે) દોસ્તો, જાતીય જ્ઞાન એટલે માણસની મૂળભૂત જાતીયતા તથા તેમાં સંકળાતી માનવેન્દ્રીયોની સાચી સમજ. એ સમજના અભાવે જીવનમાં ક્યારેક કેવી દુ:ખદ સ્થિતિ સર્જાય છે તે અંગેની એક સત્ય ઘટના જોઈએ.

**જાતીય જ્ઞાન એટલે માણસની મૂળભૂત જાતીયતા તથા તેમાં સંકળાતી માનવેન્દ્રીયોની સાચી સમજ. એ સમજના અભાવે જીવનમાં ક્યારેક કેવી દુ:ખદ સ્થિતિ સર્જાય છે તે અંગેની એક સત્ય ઘટના જોઈએ**

એક ગ્રામીણ યુવતીના જીવનની આ ઘટના છે. એનું નામ ગંગા. એના વિવાહ ભદ્રેશ નામના એક યુવાન જોડે નક્કી થયા. (બધાં નામો કાલ્પનિક છે) બન્ને ઘણીવાર મળતા. એકવાર આકસ્મિક રીતે પ્રાપ્ત થયેલા એકાન્તમાં બન્ને શારીરિક સંબંધ બાંધી બેઠાં. ત્યારબાદ એક દુર્ઘટના બની ગઈ. ગામમાં થયેલા એક કોમી રમખાણમાં ગોળી વાગતાં ભદ્રેશનું મૃત્યુ થયું. એ આઘાત માંડ સૌએ પચાવ્યો. ત્યારબાદ ગંગાનું નવું સગપણ થયું. કમલેશ નામના એક કેનેડા રીટર્ન મુરતિયા જોડે વાત પાક્કી થઈ. ગંગા રૂપાળી હતી એથી કમલેશના પરિવારને ગમી ગઈ. પણ ગંગા ખુશ જણાતી ન હતી. બધાંએ માની લીધું કે તાજેતરમાં બનેલી ગમખ્વાર ઘટનાને કારણે ગંગા ઉદાસ હશે પણ ગંગાના ચિત્તમાં જુદી જ ચિંતા ચકરાવો લઈ રહી હતી. તેને થતું હતું કે મારે આ વાત કમલેશને જણાવી દેવી જોઈએ, નહીં તો ભવિષ્યમાં બહુ માઠું પરિણામ ભોગવવું પડશે. અને એક દિવસ કમલેશને તેણે ફોન પર જણાવી દીધું: 'હું મા બનવાની છું..!' કમલેશને આંચકો લાગ્યો. તેના તરફથી સંબંધનો તરત અંત આવી ગયો.

ગંગાના માતા પિતાએ આ જાણ્યું ત્યારે તેમના આઘાતની સીમા ના રહી. ચોવીસ કલાક આંખ સામે રહેતી દીકરી ગર્ભવતી શી રીતે બની શકે? એ પ્રશ્ન ગંગાના માબાપને મુંઝવતો હતો. એમણે દીકરીને ધીમે ધીમે બધું પૂછ્યું. ગંગાએ ભદ્રેશ જોડે જે કાંઈ બન્યું હતું તે ઝૂકેલી ગરદને કહી દીધું. પણ એ સાંભળ્યા પછી પાર્વતીબેનના આઘાતને એક નવો વળાંક મળ્યો. એમણે ફરી ફરી ગંગાને બધું પૂછ્યું. તારો જીવ ચૂંથાય છે..? તને ચક્કર આવે છે? ઉબકા આવે છે..? ખાટુ ખાવાની ઈચ્છા થાય છે..? દરેક પ્રશ્નના જવાબમાં ગંગાએ ના કહી. પાર્વતીબહેને અકળાઈને પૂછ્યું: 'તો તું શા પરથી કહે છે કે તું બે જીવ વાળી થઈ છે?- ભદ્રેશ




તારી સાથે એક વાર સૂતો એટલે જ..?'

ગંગાએ ઝૂકેલી પાંપણે માત્ર ડોકું હલાવી હા કહી. પાર્વતીબેનને ગુસ્સો તો ખૂબ આવ્યો પણ ગુસ્સે થવાને બદલે એમણે ડોક્ટરને બતાવીને ખાત્રી કરી લીધી કે સાચે જ ગંગા મા બનવાની ન હતી. પછી બગડેલી બાજી સુધારવા ગંગાબેનના પતિ પ્રભુદાસે કમલેશના પિતાને મળીને એમની આગળ ખોળો પાથરતાં કહ્યું: 'ભાઈ સાહેબ, માફ કરજો અમારી



ગંગા જરા નાદાન છે. તેને આવી બધી વાતોમાં ઝાઝી ગતાગમ નથી. એટલે આ બફાટ થઈ ગયો, બાકી તમે ડોક્ટરને બતાવીને ખાત્રી કરી લો.. કશું જ નથી..!' કમલેશના આખા પરિવારનું મન ખાટું થઈ ગયું. પ્રભુદાસે સ્પષ્ટતા કરી. એથી ગંગા ગર્ભવતી નથી એમ માનવા સૌ તૈયાર તો થયા. પણ તેનો હાથ ઝાલવા કમલેશ તૈયાર ન થયો.

ત્યાર પછીની વાત ટૂંકી છે. આવા છબરડાને કારણે જ્ઞાતિમાં તેના વિશે તરેહ તરેહની વાતો ફેલાઈ ગઈ. ગંગાના મામાએ છેવટે મુંબઈના એક શ્રીમંત (પણ બે પુત્રના પિતા જોડે) ગંગાને ઠેકાણે પાડી. અધકચરી જાતીય સમજ જીવનમાં કેવો ઊલ્કાપાત સર્જે છે તેનું આ નક્કર ઉદાહરણ છે. ગંગાને સેક્સ એજ્યુકેશન મળ્યું હોત તો પુરૂષ જોડેનો એક જ વારનો સંબંધ અચૂકપણે ગર્ભધાનમાં જ પરિણમે એવી ખોટી માન્યતાથી તે દૂર રહી શકી હોત.

ગંગા તો ખેર ગામડાની અશિક્ષિત યુવતી હતી. પણ રખે માનશો કે શહેરની તમામ યુવતીઓ પણ સાચા અને પૂરા જાતીય જ્ઞાનથી માહિતગાર હોય જ છે. દિલ્હીના એક પત્રકાર દંપતિએ ત્યાંની કોલેજોની પાંચ હજાર છોકરીઓના જાતીય જ્ઞાન અંગે સર્વે કરી જે અહેવાલ બહાર પાડ્યો હતો તે ચોંકાવનારો હતો. તે અહેવાલ મુજબ કોલેજકન્યાઓ પણ આશ્ચર્યજનક હદે જાતીય અજ્ઞાન ધરાવતી હતી. એમાં એક યુવતી એવી સમજ ધરાવતી હતી કે પુરૂષ સ્ત્રીને ચુંબન કરે તો તેને ગર્ભ રહી શકે. બીજી છોકરી એવું માનતી હતી કે સ્ત્રીને રજોદર્શન થાય તે એક પ્રકારનો રોગ છે. (આ બધું જાણ્યા બાદ ગામડાની ગંગાને તો માફ જ કરી દેવી પડે)

સ્થિતિ આવી શરમજનક હોય તો યુવા પેઢી કરતાંય સમાજ માટે તે વધુ નામોશી ભરેલું લેખાય. એ સંબંધે અખબારો, મેગેઝિનો કે ટીવી જેવા માધ્યમો દ્વારા રજૂ કરવામાં આવતા સેક્સ-વિષયક વિભાગો આજના સંકુચિત અને સેક્સ પ્રતિરોધક સમાજની અનિવાર્ય જરૂરિયાત બની ચૂક્યા છે. બૌદ્ધિકોનો એક બહુ મોટો વર્ગ પોતાના સંતાનોને જાતીય જ્ઞાન આપવાનું ઉચિત સમજવા લાગ્યો છે. પણ બાળકો સાથે આવી વાતો કરવામાં સ્વાભાવિક જ તેઓ મુંઝાતા હોય છે.

## ધૂપછાંવ

તેમની એ મુંઝવણ હવે અખબારોએ દૂર કરી છે. અખબારોની તે સુંદર સમાજસેવાને કારણે હવે લગભગ કોઈ યુવાન કે યુવતી એવા પ્રશ્નોના જવાબમાં નન્નો ભણતા નથી કે- 'સેક્સ વિષે તમે આ જાણો છો ખરા?'